ક્રિ.પ.અરજી નં.૧૪૭૨૪/૨૦૨૪

અરજદાર ની આંક–૧૨ ની અરજી અને સામાવાળા તરફેની આંક–૧૩ ની અરજી લગત હુકમ :–

=====================================================

૧. અરજદારે મુળઅરજી સામાવાળા વિરૂધ્ધ ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની કલમ ૨૫ મુજબ, અગાઉ આ કોર્ટ ધ્વારા ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઇ હેઠળ ક્રી.પ.અરજી નં. ૬૭૪૭/૨૦૧૯ માં તારીખ ૦૭/૧૨/૨૦૨૧ ના રોજ અરજદાર ને ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની કલમ.૧૯ મુજબ મકાન ના વિકલ્પે મકાનભાડુ રૂા.૨૫૦૦/– ચુકવવાનો અને કલમ.૨૦ મુજબ નાંણાકીય રાહત ચુકવવાનો કરેલ હુકમ ની રકમ માં વધારો કરવાની અરજ સાથે તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે. આ કેસમાં નોટીસ બજતા સામાવાળા તેઓ ના વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને આંક–૪ થી તારીખ.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મુળ અરજી વિરૂધ્ધ લેખીત જવાબ રજુ રાખેલ છે. ત્યારબાદ અરજદાર ધ્વારા તારીખ ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ તેઓ ની લેખીત સરતપાસ રજુ રાખેલ છે.જે આંક–૬ થી અને દસ્તાવેજી લીસ્ટ આંક–૭ થી રજુ રાખેલ છે. આમ, આ કેસ અરજદાર ની ઉલટતપાસ ના સ્ટેજ પર પેન્ડીંગ હતુ.

૧.૧ આ દરમ્યાન રેકર્ડ લક્ષ માં લેતા, નામદાર સુપ્રીમ કોર્ટ ના AIR 2021 SC 569 Rajnesh V/s Neha and another ના ચુકાદા માં આપેલ આદેશ મુજબ મીલકતો અને જવાબદારી અંગે નું સોગંદનામુ બંને પૈકી કોઇપણ પક્ષકાર ધ્વારા રજુ થયેલ ના હોય,આ એફીડેવીટ પુરાવો નોંધવાની કાર્યવાહી ચાલુ થાય તે પહેલા રજુ કરવા જણાવેલ. જે અંગે અરજદાર ધ્વારા આંક–૧૧ થી સોગંદનામુ તારીખ ૦૪/૦૯/૨૦૨૫ ના રોજ રજુ થયેલ છે. જે વિરૂધ્ધ સામાવાળા તરફે આ એફીડેવીટ માં જણાવેલ હકીકતો બાબતે ની માહીતી સંપુર્ણ ના હોય, સંપુર્ણ માહીતી પુરી પાડે તેવો આદેશ

કરવા અરજી આપેલ, જે આંક–૧૩ થી સામેલ રાખેલ છે. અરજદાર તરફે આ જ દીવસે આંક–૧૨ થી આ બાબતે લેખીત અરજી પુરશીશ તરીકે આપેલ અને આ અરજી ને આગળ વધારવા માટે અરજ કરેલ હતી, જે આંક–૧૨ થી સામેલ રાખેલ છે.

૧.૨ આંક–૧૩ ની સામાવાળા ની અરજી તેમજ આંક–૧૨ ની અરજદાર ની અરજી અન્વયે દલીલો સાંભળવા માં આવેલ છે. આ હુકમ અરજીઓ લગત કરવામાં આવતો હોવા થી, અરજી ની હકીકતો નુ પુનરાવર્તન કરેલ નથી.

૨. અરજીઓ વંચાણે લીધી અને આ સંર્દભે આ કેસ નુ રેકર્ડ લક્ષ માં લીધુ. આ અરજીઓ ના નિર્ણય કરતા અગાઉ, નામદાર સુપ્રીમ કોર્ટ ના AIR 2021 SC 569 Rajnesh V/s Neha and another ના ચુકાદા માં આપેલ આદેશ વંચાણે લેવો આવશ્યક છે. જે નીચે મુજબ છે.

(xi) Keeping in mind the need for a uniform format of Affidavit of Disclosure of Assets and Liabilities to be filed in maintenance proceedings, this Court considers it necessary to frame guidelines in exercise of our powers under Article 136 read with Article 142 of the Constitution of India :

(a) The Affidavit of Disclosure of Assets and Liabilities annexed at Enclosures I, II and III of this judgment, as may be applicable, shall be filed by the parties in all maintenance proceedings, including pending proceedings before the concerned Family Court / District Court / Magistrate's Court, as the case may be, throughout the country;

(b) The applicant making the claim for maintenance will be required to file a concise application accompanied with the Affidavit of Disclosure of Assets;

(c) The respondent must submit the reply along with the Affidavit of Disclosure within a maximum period of four weeks.

The Courts may not grant more than two opportunities for submission of the Affidavit of Disclosure of Assets and Liabilities to the respondent.

If the respondent delays in filing the reply with the Affidavit, and seeks more than two adjournments for this purpose, the Court may consider exercising the power to strike off the defence of the respondent, if the conduct is found to be wilful and contumacious in delaying the proceedings. [5] Kaushalya vs. Mukesh Jain, Criminal Appeal Nos. 1129-1130 / 2019 decided vide Judgment 24.07.2019.

On the failure to file the Affidavit within the prescribed time, the Family Court may proceed to decide the application for maintenance on basis of the Affidavit filed by the applicant and the pleadings on record;

(d) The above format may be modified by the concerned Court, if the exigencies of a case require the same. It would be left to the judicial discretion of the concerned Court, to issue necessary directions in this regard.

(e) If apart from the information contained in the Affidavits of Disclosure, any further information is required, the concerned Court may pass appropriate orders in respect thereof.

(f) If there is any dispute with respect to the declaration made in the Affidavit of Disclosure, the aggrieved party may seek permission of the Court to serve interrogatories, and seek production of relevant documents from the opposite party under Order XI of the CPC;

On filing of the Affidavit, the Court may invoke the provisions of Order X of the C.P.C or Section 165 of the Evidence Act 1872, if it considers it necessary to do so;

The income of one party is often not within the knowledge of the other spouse. The Court may invoke Section 106 of the

Evidence Act, 1872 if necessary, since the income, assets and liabilities of the spouse are within the personal knowledge of the party concerned.

(g) If during the course of proceedings, there is a change in the financial status of any party, or there is a change of any relevant circumstances, or if some new information comes to light, the party may submit an amended / supplementary affidavit, which would be considered by the court at the time of final determination.

(h) The pleadings made in the applications for maintenance and replies filed should be responsible pleadings; if false statements and misrepresentations are made, the Court may consider initiation of proceeding u/S. 340 Cr.P.C, and for contempt of Court.

(i) In case the parties belong to the Economically Weaker Sections ("EWS"), or are living Below the Poverty Line ("BPL"), or are casual labourers, the requirement of filing the Affidavit would be dispensed with.

(j) The concerned Family Court / District Court / Magistrate's Court must make an endeavour to decide the LA. for Interim Maintenance by a reasoned order, within a period of four to six months at the latest, after the Affidavits of Disclosure have been filed before the court.

(k) A professional Marriage Counsellor must be made available in every Family Court.

૨.૧ નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ આદેશ માનસહ વંચાણે લીધો. હાલ ના કેસ માં સામાવાળા તરફે આંક–૧૩ ની અરજી માં જણાવ્યા મુજબ, અરજદાર ના આંક–૧૧ ના એફીડેવીટ માં જણાવેલ વિગતો અંગે તકરાર લીધેલ છે. અરજદારે આંક–૧૨ થી રજુ કરેલ લેખીત અરજી/પુરશીશ થી આ બાબતે

તેઓ પાસે હતી તેવી તમામ વિગતો જાહેર કરી દીધેલ છે તેમ જણાવેલ છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્બારા આપવા માં આવેલ આદેશ માં, જો કોર્ટ ને માહીતી અધુરી લાગે તો કોર્ટ તે અંગે માહીતી પુરી પાડવા આદેશ કરી શકે છે અથવા સામાવાળા પણ આ બાબતે અરજી આપી શકે છે તેમજ પ્રશ્નોતરી પણ કરી શકે છે. આ ઉપરાંત પક્ષકાર કેસ ની કાર્યવાહી દરમ્યાન બદલાયેલ સંજોગો બાબતે સુધારેલ અથવા વધારા નુ એફીડેવીટ પણ કરી શકે છે.

૨.૨ હાલ ના કેસ માં અરજદારે આંક–૧૨ થી જે જવાબ આપેલ છે તે સોગંદનામા પર આપેલ નથી. આ સંજોગો માં અરજદાર ને સામાવાળાએ આંક–૧૩ ની અરજી માં લીધેલ તકરાર બાબતે જો માહીતી ઉપલબ્ધ હોય તો તે અંગે વધારા નુ સોગંદનામુ રજુ કરવા ની તક આપવી વિકલ્પે તેઓ પાસે ના હોય તો પણ તે અંગે ની હકીકત સોગંદનામા પર જણાવવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. જે મુજબ આંક–૧૩ ની અરજી મંજુર કરવા માં આવે છે.

૨.૩ આ કેસ માં અરજદાર તરફે આંક–૧૨ થી અરજી આપેલ છે. જેમાં મુખ્યત્વે આ કેસ ની કાર્યવાહી ઝડપી ચલાવવા અરજ કરેલ છે. આ કેસ માં સામાવાળા દ્બારા આજદીન સુધી રજનેશ વિરૂધ્ધ નેહા ના ચુકાદા માં આપેલ ગાઈડલાઈન મુજબ નુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ નથી. જે સામાવાળા જવાબ સાથે રજુ કરવા બંધાયેલ છે. આ અંગે કેસ નુ રેકર્ડ લક્ષ માં લેતા તેમજ કાયદા નો ઉદ્ધેશ લક્ષ માં લેતા, સામાવાળા ને સોગંદનામુ રજુ કરવા નો આદેશ કરવો ન્યાયોચીત જણાય છે અને જો સામાવાળા તેમ કરવામાં નિષ્ફળ જાય તો તે અન્વયે કાયદા ની જોગવાઈ અનુસાર જરૂરી હુકમ કરવા નુ ઠરાવવામાં આવે છે. ઉપરોકત હુકમ અનુસાર અરજદાર ની આંક–૧૨ ની અરજી/પુરશીશ મંજુર કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧. આથી, સામાવાળાની આંક–૧૩ ની અરજી મંજુર કરવામાં આવે છે અને અરજદારને હુકમ કરવામાં આવે છે કે, અરજદારે આંક–૧૩ ની અરજીમાં જણાવેલ વિગતો બાબતે નવું સોગંદનામું રજુ રાખવું વિકલ્પે જો અરજદાર તેઓની આંક–૧૨ ની પુરસીસ/અરજી મુજબ તમામ વિગતો તેઓએ જાહેર કરી દીધેલ છે તેમ માનતા હોય તો તે બાબતે સોગંદનામું કરવું. અરજદારે આ સોગંદનામું આ કેસમાં હવે પછી મુદ્દત તા.૧૦.૧૨.૨૦૨૫ સુધીમાં રજુ રાખવું અને સામાવાળાની નકલ પણ રજુ રાખવી.

૨. અરજદારની આંક–૧૨ ની અરજી મંજુર કરવામાં આવે છે અને સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, તા.૧૦.૧૨.૨૦૨૫ સુધીમાં નામદાર સુપ્રિમકોર્ટનું રજનેશ વિ. નેહાના ચુકાદામાં આપેલ આદેશ મુજબ મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામું અચુકપણે રજુ રાખવું અને અરજદારની નકલ પણ રજુ રાખવી.

૩. આ કેસની ઝડપી કાર્યવાહી માટે બન્ને પક્ષકારોએ કોર્ટને જરૂરી સાથ સહકાર આપવો. આ કેસની હવે પછીની મુદ્દત તા.૧૧.૧૨.૨૦૨૫ ઠરાવવામાં આવે છે અને આ કેસ તા.૧૧.૧૨.૨૦૨૫ ના રોજ પુરાવા માટે હોય, તે માટે હાજર રહેવું.

આ હુકમ આજ તા.૨૮ મી, માહે– નવેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
૫ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર – (કોર્ટ નં.૧)

અમદાવાદ
Code–GJ00956